## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

# જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કારકિર્દી સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર તથા જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી ના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી સપ્તાહ ની ઉજવણી તા ૨૧/૯ થી ૨૭/૯ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અનુસંધાને શાળામાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પુસ્તક પ્રદર્શન,તથા ચૌધરી ટેકનિકલ કોલેજ ની મુલાકાત વિ.ઓ ને કરાવવામાં આવી. આ કાયર્ક્મ ના અંતર્ગત એક સેમીનાર નું પણ આયોજન કરવામાં આવ્યું શાળાના આચાર્યાબેન શ્રી સંતોકબેન ચૌધરી એ વિ.ઓ ને માહિતી તથા માર્ગદર્શન આપ્યું પોતાની કારકિર્દી પોતે કેવી રીતે બનાવે તેની ટેકનિક બતાવી વિ.ઓ ને પ્રોત્સાહિત કર્યા. કારકિર્દી કોર્નર નિભાવનાર શિક્ષક શ્રી મીનાબેન પટેલે સફળ આયોજન તથા સફળ સંચાલન કર્યુ.શાળા પરિવારે તથા શાળાના સુપરવાઈઝર શ્રી ચારુલબેન પુરોહિતે સર્વેને અભિનંદન પાઠવ્યા છે.

## ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજનું ગૌરવ વધારતી વિદ્યાર્થીની

ગાંધીનગર, તા. ૨૫

ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. નિરલ એચ. મકાણી અમદાવાદ ખાતે રમાયેલ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ કુસ્તી સ્પર્ધામાં ૫૩ કે.જી વજન ગ્રુપમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. સમગ્ર કોલેજ પરિવાર તરફથી સ્પોર્ટ્સ ડાયરેક્ટર પ્રા. હરેશભાઈ પટેલ તથા કુ. નિરલને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જી.આઈ.પી.એસ. ખાતે ગરબા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ટ્રેડિશનલ વસ્ત્રો પહેરીને આવ્યાં હતાં. શિક્ષકોએ પણ ટ્રેડિશનલ વસ્ત્રો પહેરીને ગરબાની રમઝટ બોલાવી હતી,જેમની સાથે પ્રિન્સિપાલ અને ડિરેક્ટર, ટ્રસ્ટીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રેષ્ઠ પરફોર્મન્સ કરનાર વિદ્યાર્થીઓને બેસ્ટ પરફોર્મર, બેસ્ટ ડ્રેસ માટેનાં ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈનામો શિક્ષકોને પણ આપવામાં આવ્યાં હતાં.

# ગુજ. યુનિ.ના વિદ્યાર્થીઓ પીજી કરવા નોર્થ અમેરિકન યુનિવર્સિટી જઈ શકશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે નોર્થ અમેરીકન યુનિવર્સિટી હ્યુસ્ટન સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં યુનિવર્સિટીની કોઈપણ કોલેજમાં બી.કોમ અથવા તો બી.એડ, બીએસસીનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ પી.જી. કરવા અમેરિકા જવા ઈચ્છતાં હોય તો તેમને આ પ્રકારની વ્યવસ્થા અપાશે. આજ રીતે ત્યાંના વિદ્યાર્થીઓ પણ પી.જી. કરવા માટે ગુજરાત યુનિવર્સિટીમાં આવી શકશે. આ વ્યવસ્થા ચાલુ વર્ષથી જ લાગુ કરવામાં આવશે. અમેરિકાની આ યુનિવર્સિટીમાં જવા માટે ટોફેલ કે અન્ય પરીક્ષા આપવી નહીં પડે તેવો દાવો કરવામાં આવ્યો છે. જો કે, યુનિવર્સિટીએ આ અંગે નોર્થ અમેરિકાની યુનિવર્સિટી પાસે લેખિતમાં બાંયધરી માંગી છે.

યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ યુ.જી. અને પી.જી. કરવા માટે બે વર્ષ કરવા પડે છે. હ્યુસ્ટનમાં આવેલી નોર્થ અમેરિકન યુનિવર્સિટી દ્વારા કરાયેલી એમઓયુ પ્રમાણે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ કરીને અમેરિકામાં એક વર્ષનો અભ્યાસ કરીને ડ્યુલ ડિગ્રી મેળવી શકશે.

ચાલુ વર્ષથી જ આ એમઓયુનો અમલ કરવામાં આવશે. આ ઉપરાંત હ્યુસ્ટનની નોર્થ અમેરીકન યુનિવર્સિટી દ્વારા જે. જી. ગ્રૂપ ઓફ કોલેજીસ સાથે પણ એમઓયુ કરવામાં આવ્યા છે.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) રામજન્મ ભૂમિ બાબરી મસ્જિદ કેસના કયા મુખ્ય પક્ષકારનું તાજેતરમાં નિધન થયું હતું ?
(એ) મહંત ભાસ્કર દાસ
(બી) મહંત યોગેશ્વર દાસ
(સી) મહંત વિજયરાજ દાસ
(ડી) મહંત શોકનંદ દાસ

(૨) ૨૦૨૦ ઑલિમ્પિક્સ માટે પસંદ કરાયેલા ૧૫૨ ખેલાડીઓને દર મહિને કેટલું પૉકેટ મની આપવામાં આવશે ?
(એ) ૧૦ હજાર (બી) ૨૦ હજાર
(સી) ૩૦ હજાર (ડી) ૫૦ હજાર

(૩) દેશના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમના કાર્યકાળમાં કેન્દ્ર સરકારે કેટલા વર્ષનો વધારો કર્યો છે ?
(એ) ૧ વર્ષ (બી) ૨ વર્ષ
(સી) ૩ વર્ષ (ડી) ૪ વર્ષ

(૪) કઈ ઍરવેઝ સંસ્થાએ 'ફ્લાઈનાઉ પે લેટર' યોજનાની શરૂઆત કરી છે ?
(એ) સિંગાપુર ઍરલાઈન્સ (બી) એતિહાદ ઍરવેઝ
(સી) ઍર ઈન્ડિયા (ડી) એટલાંટિક ઍરલાઈન્સ

(૫) પંડિત દિનદયાળ ઉપાધ્યાય જન્મ શતાબ્દિ કૃષિ ઉન્નતિ મેળાનું ઉદ્દ્ઘાટન કયા સ્થળે કરવામાં આવ્યું હતું ?
(એ) કાનપુર (બી) ગોરખપુર
(સી) મથુરા (ડી) લખનૌ

(૬) પરિયોજના યશ વિદ્યા અંતર્ગત કયા વ્યક્તિઓને સશક્તિકરણ કરવામાં આવશે ?
(એ) સૈનિકો (બી) શિક્ષકો
(સી) બાળકો (ડી) દિવ્યાંગો

(૭) ૨૦૧૭માં નીતિ આયોગે સાથ કાર્યક્રમની શરૂઆત કયા રાજ્યમાંથી કરી હતી ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) મધ્યપ્રદેશ
(સી) આસામ (ડી) બિહાર

(૮) કયા દેશે નવી મિસાઈલ ખોર્રામશાહરનું પરિક્ષણ કર્યું હતું ?
(એ) ઈરાન (બી) સઉદી અરબ
(સી) પાકિસ્તાન (ડી) ઈરાક

(૯) વિશ્વ પરમાણુ ઉદ્યોગ સ્થિતિ રિપોર્ટ ૨૦૧૭ મુજબ ભારત પરમાણુ ઊર્જા પ્રતિષ્ઠાનોમાં કયું સ્થાન ધરાવે છે ?
(એ) પ્રથમ (બી) દ્વિતિય
(સી) તૃતિય (ડી) ચતુર્થ

(૧૦) કેન્દ્રીય મંત્રી મુખ્તારઅબ્બાસ નકવીએ કયા કાર્યક્રમનું તાજેતરમાં ઉદ્દ્ઘાટન કરાવ્યું છે ?
(એ) હુનર હાટ (બી) કલાબજાર
(સી) સંસ્કૃતિ બજાર (ડી) હુનર બજાર

## જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૫

આજના સ્પર્ધાત્મક યુગમાં અનેકવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે તેવા સંજોગોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી ઍમ ઍમ પટેલ આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર દ્વારા શાળાકક્ષાએથી જ વિદ્યાર્થીઓને આઈએઍસની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ટ્રેનિંગ આપવામાં આવે છે. જેમાં શ્રી જે બી પ્રાથમિક શાળાના ૨૨૨ વિદ્યાર્થીઓ ખૂબ જ રસપૂર્વક ટ્રેનિંગ લઈ રહ્યા હતા. આ પૈકી ૫૧ વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષા પાસ કરી છે અને ૨૦ વિદ્યાર્થીઓ લેખિત-મૌખિક બંને પરીક્ષા પાસ કર્યા બાદ સંસ્થા દ્વારા આપવામાં આવતી ત્રણ વર્ષની ફાઈનલ ટ્રેનીંગ માટે પસંદગી પામ્યા છે. શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે આ તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય અને પ્રગતિશીલ જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

### 'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત

# નિષ્કુળાનંદ કાવ્ય વિષયે ૮૧મી પ્રવચનમાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

'આર્ષ' શોધ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૨૦ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર વિષયો પર દર ત્રણ માસે પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં શાસ્ત્ર વિષયક પ્રવચનના ભાગરૂપે 'નિષ્કુળાનંદ કાવ્ય - ૩, ભક્તિ-નિધિ અને કલ્યાણનિર્ણય' વિષય ઉપર આર્ષ પ્રવચનમાળાના ૮૧મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીએપીએસ સારંગપુર મંદિરના, વરિષ્ઠ સંત, વેદાંતશાસ્ત્રી, પૂ. યજ્ઞેશ્વરદાસ સ્વામી તેમજ અમદાવાદ, શાહીબાગ, મંદિરના નિર્દેશક પૂ. પ્રિયસ્વરૂપદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.




નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત કલ્યાણનિર્ણય કાવ્યગ્રંથ પર પ્રકાશ પાડતાં પૂ. પ્રિયસ્વરૂપદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, મનુષ્ય જન્મ મોક્ષની બારી છે તેના દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થાય છે. લખ ચોરાશીમાંથી છૂટવા માટે મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે. મોક્ષ કરવો હોય તો ઈચ્છા હોવી જોઈએ. તે મોક્ષની પ્રાપ્તિ માટેની પ્રાથમિક શરત છે મુમુક્ષુતા. કલ્યાણનિર્ણય ગ્રંથ ગમે તેવાને મોક્ષની ઈચ્છા જગાવે તેવો છે. મુમુક્ષને મોક્ષ માટે નિર્ણયો જે જરૂરી છે તે બધા જ નિર્ણય કલ્યાણનિર્ણય ગ્રંથમાં આપ્યા છે.

નિષ્કુળાનંદ સ્વામીએ મોક્ષ માટેના સિદ્ધાંતો બહુ જ સ્પષ્ટ રીતે અને દ્રઢતાથી આપ્યા છે. ઔપનિષદિક રીતે તેમાં પ્રશ્નોત્તર શૈલી છે. તેમાં ૧૮ નાના અધ્યાય કહેતાં નિર્ણયો છે. જેમાં સોરઠા, દોહા, ચોપાઈ છે. આ ગ્રંથમાં ૫૪૨ કડીઓ છે.

આત્યંતિક કલ્યાણ કેવી રીતે થાય? તેના જવાબમાં જણાવે છે કે, કાં તો પ્રત્યક્ષ ભગવાન કે તેમના મળેલા સંત થકી કલ્યાણ થાય છે. પરબ્રહ્મની ઓળખાણ થાય તો જ અક્ષરધામની પ્રાપ્તિ થાય અનેક ઐશ્વર્ય બતાવી ભગવાન સ્વામિનારાયણે મોક્ષની પ્રતીતિ કરાવી છે. કહેતા આત્યંતિક કલ્યાણ કરેલ છે. શ્રીજી મહારાજને મળેલા સંત થકી કલ્યાણ થાય છે. મળેલા સંત એટલે ભગવાનને હળ્યા મળ્યા હોય, ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય તેના દ્વારા કલ્યાણ થાય છે. ભગવાનને મળેલા એટલે ભગવાન સાથે એકાત્મભાવને પામેલા. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એ યુક્ત સંત દ્વારા કલ્યાણ થાય છે. તેવા પ્રત્યક્ષ ભગવાન એટલે કે ભગવાન સ્વામિનારાયણ તેમના મળેલા સંત એટલે કે વર્તમાન કાળે મહંતસ્વામી મહારાજ છે.

મુમુક્ષ પ્રશ્ન પૂછે છે. ભગવાનના કુળમાં જન્મેલા હોય તેનાની કલ્યાણ થાય કે નહીં? તેના જવાબમાં કહે છે કે કલ્યાણ જોઈતું હોય તો સાચા સંત શોધી લેવા જરૂરી છે.

કેવી સાધના કરીએ તો કલ્યાણ થાય ? ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તે તે સાધના છે. સંપૂર્ણ વિશ્વાસ ભાવે સેવા કરવાથી કલ્યાણ થાય છે. પૂ. યજ્ઞેશ્વરદાસ સ્વામીએ ભક્તિનિધિ પર વાત કરતા જણાવ્યું કે 'ભક્તિમાર્ગનું મૂળ પંચરાત્ર શાસ્ત્રમાં રહેલું છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિ ભગવાન સ્વામિનારાયણે કહેલ છે. ભક્તિમાર્ગ દ્વારા અંતિમ મોક્ષ સુધી પહોંચાય છે. કહેતા અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. માહાત્મ્યયુક્ત ભક્તિ સાથે મહારાજ સૌ સંતોને જોડતા. શ્રીજી મહારાજ દ્વારા ભક્તિ સંબંધી ક્રિયાઓનું પ્રસ્થાપત કરેલું છે. અને જોરદાર ઠેલ મારેલો છે. ભગવાનને વિષે માહાત્મ્યયુક્ત સ્નેહ તે ભક્તિ છે. (વ.ગ.મ.૧૦) નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યમૂર્તિ હતા. તેમનાં વૈરાગ્યના પદો વર્ષો સુધી પ્રચલિત હોવાથી ગાંધીજીએ પણ તેમની દરરોજની પ્રાર્થનામાં 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' વગેરે પદોનો સમાવેશ કર્યો હતો. આમ સ્નેહ તેઓ ભક્તિ થી પણ સ્નેહભીના હતા. ભક્તિ કોની કરવી? ભક્તિ શા માટે કરવી ?

ભક્તિ કેવી રીતે કરવી? વગેરે અનેક બાબતો ભક્તિનિધિ ગ્રંથમાંથી તેમણે નિરૂપી હતી. અંતે આગામી પ્રવચનમાળા 'માનવતાના મર્મજ્ઞ ભગવાન શ્રીરામ' વિષયની જાહેરાત આર્ષના ડાયરેક્ટર ડૉ. શ્રુતિપ્રપ્રકાશદાસ સ્વામીએ કરી હતી. તથા શ્રોતાઓએ બંને વક્તાઓ પાસેથી પોતાના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો મેળવ્યા હતા.

# પ્રશંસા સાથે સ્વીકારના ટહુકારમાંથી જીવનમાં આનંદનો અનોખો ઉઘાડ સર્જાતો હોય છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



સંકેત એક સરકારી કચેરીમાં વર્ગ-૪નો સેવક. સેવક એટલે સાદી ભાષામાં પટ્ટાવાળા. આ 'પટ્ટાવાળા' શબ્દનો ઈતિહાસની લોકવાયકા પણ મજાની છે. બ્રીટીશર્સના જમાનામાં સેવકોના સફેદ દૂધ જેવા ગણવેશમાં મોટા પટ્ટા રહેતા. તેથી લોકોમાં 'પટ્ટાવાળા' તરીકેની પહેચાન બની અને એ શબ્દ આજપર્યંત તંત્રમાં ચાલે છે. હા, તો આ સંકેતભાઈ જે ઓફિસમાં કામ કરતા હતા ત્યાં એક દિવસ ઘણા બધા કાગળો ઝેરોક્ષ કરી સંકલિત કરીને બે-ત્રણ કલાકની સમય મર્યાદામાં પાંચસો જેટલા સેટ બનાવવાનું મહત્વનુ કામ આવી ગયું. સંકેત અને એના બે-ત્રણ સાથી સેવકો માટે આ ખૂબ ચેલેન્જીંગ કામ હતું. સંકેત અને તેના સાથી મિત્રો સાહેબે સૂચવેલી રીતે સેટ તૈયાર કરવાના કામમાં લાગી ગયા.

કામની ક્વોન્ટીટી જોતા સાહેબને લાગ્યું કે, આ બે-ચાર માણસો ગમે એટલી ક્ષમતાપૂર્વક કામ કરશે તો પણ સમય મર્યાદામાં કાર્ય પુંરૂ થાય એમ નથી. સાહેબ બીજા બે જુનિયર અધિકારીઓ સાથે જ્યાં સંકેતની ટીમ 'સેટ' બનાવતી હતી ત્યાં આવ્યા. સાહેબ ત્યાં થોડીવાર ઊભા રહ્યા. સંકેત અને તેના સાથીઓની ઝડપ અને ટીમવર્કને બસ જોતા જ રહ્યા. સાહેબ બોલ્યા, 'યાર, સંકેત તું અને તારા સાથીઓ સરસ સ્પીડથી કામ કરી રહ્યા છો. લાવ હું પણ સેટ બનાવવા લાગી જાઉં...' સાહેબે કહ્યું.

'રહેવા દો સાહેબ અમે પુરું કરી દઈશું.' સંકેતે સ્માઈલ સાથે સાહેબને કહ્યું. પણ સાહેબ સેટ બનાવવા બેસી ગયા. તેમણે સંકેતને કહ્યું, ' ભાઈ સંકેત જરા મને પહેલા તારી સ્ટાઈલ શીખવ પછી હું કામ શરૂં કરું. આમા તારી અને તારી ટીમની માસ્ટરી છે. ખોટું ન થાય એટલે અમને પહેલા બરાબર શીખવ. તમારા લોકો જેટલી ઝડપથી અમે સેટ નહીં બનાવી શકીએ, પણ થોડી મદદ ચોક્કસ થશે.'

સાહેબના પ્રશંસાના બે શબ્દો સંકેતની ટીમ માટે અનેરો જોમ અને જુસ્સો લાવનારા બની ગયા. સંકેતે સાહેબને સેટ બનાવવાની 'ફોર્મ્યુલા' હોંશે હોંશે શીખવી. બધા સાથે મળીને કામ કરવા લાગ્યા. નિયત સમય કરતાં પણ કામ વહેલું પૂરું થઈ ગયું.

એક કચેરીમાં ખરેખર બનેલો આ પ્રસંગ આમ જોવા જઈએ તો ખૂબ નાનો છે. પણ બીજાની વાતનો સ્વીકાર કરી 'વીન વીન' સીચ્યુએશન શીખવતુ મોટું લેશન પણ છે. કોઈની જિંદગી બદલવાનું આપણા હાથમાં નથી પરંતુ અન્યના કાર્યોની તાજા સુગંધીદાર પુષ્પો જેવી પ્રસંશા કરીને બન્ને પક્ષે આનંદનો અનોખો ઉઘાડ સર્જી શકાય છે. અન્યની વાતનો સ્વીકાર સંબંધોને વધુ સુંદર સુવાસસભર બનાવી શકે છે. આમ પણ સાચા સંબંધો બીજાના વિચારોના સ્વીકાર અને સત્કાર કરવાના આનંદ માટે તો હોય છે. સંબંધો ઉપયોગ કરવા માટે હરગીઝ નથી હોતા. જ્યારે સંબંધોમાં 'ઉપયોગ'ની ભાવના વધે અને 'સ્વીકાર'ની ભાવના ઘટે ત્યારે 'સંબંધ' માત્ર 'પ્રબંધ' બનીને રહી જાય છે.

બીજાના વિચારો અને વાતને હૃદયપૂર્વક સ્વીકાર કરવાની તત્પરતા જ એક સારા માણસની ઓળખ છે. જે વ્યક્તિ બીજાની વાતનો સ્વીકાર કે સત્કાર નથી કરી શકતો એ વ્યક્તિ પોતાના લક્ષ્ય સુધી પહોંચવાની વાત તો દૂર, એવા વ્યક્તિ ચાલવા માટેનો માર્ગ પણ નથી જોઈ શકતા. પોતાની જ વાત સત્ય અને મારા જ વિચારો શ્રેષ્ઠ માનવાવાળા સૌથી વધારે ગુંચવણમાં અને મુંઝાયેલા હોય છે. જાણીતા ચિંતક-લેખક અરવિંદ કટોચ કહે છે કે, જીવનમાં ઉમંગ અને ઉલ્લાસનો અહેસાસ બીજાની પ્રસંશા સાથે સ્વીકારના ટહુકારમાંથી થાય છે.

કેટલાક લોકો એવા તર્ક પણ કરે છે કે શું ખોટે ખોટી અને નિરર્થક પ્રશંસા કરે રાખવી ? ના, ખોટી પ્રસંશા ક્યારેય ન કરવી જોઈએ. જ્યારે ખોટી પ્રસંશા થાય તો એ 'ખુશામત'ના 'સેગમેન્ટ'માં આવી જાય છે. ખુશામત એ કંઈક લાભ લેવાના હેતુથી, ઉપયોગ કરવા માટેનો સસ્તો અને ચિબાવલો માર્ગ છે પણ 'પ્રશંસા' એ વ્યક્તિને વિચારોના સ્વીકારનો સત્કાર છે. કેટલાક તો કોઈનું સારુ ન જ બોલવું એ માટે પ્રયત્નો કરતા હોય છે. આવા વ્યક્તિઓ હંમેશા પોતાની જાત સાથે દ્વંદ્વ કરતા હોય છે. એમનું યુદ્ધ એમણે નક્કી કરેલી એમની કક્ષા સાથેનું હોય છે. નવા વ્યક્તિને 'સારું કર્યું' કે 'વાહ, તમે ઉત્તમ રજૂ કર્યું' એમ કહેવામાં કેટલાક લોકો તેમની કક્ષાથી નીચે પડવા જેવું લાગતું હોય છે. આવા લોકો જાણે અજાણે ઈર્ષ્યાવૃત્તિનાં બીજને પોતાના મનમાં ઝાડ કરીને ફરતા હોય છે.

પોતાની ભૂલનો સ્વીકાર અને બીજાની વાતનો ખુલ્લા મને સ્વીકાર આ બે જીવનની 'ઉષા' છે. અન્યની વાતનો પ્રશંસાના બે શબ્દો સાથે સ્વીકાર સુરજના પહેલા કિરણ જેવો આહલાદ આપે છે. પંખીની જેમ ખુલા આકાશમાં ઉડવાનો આનંદ આવે છે. સમજદાર તો એ કહેવાય કે, બીજાની વાતમાંથી વિશેષતા તારવી પ્રશંસાના પુષ્પ પાથરે એમાંથી પ્રાપ્ત થયું હોય તો એનો પણ સ્વીકાર કરે. માત્ર તુલના કરી ઈર્ષ્યાવૃત્તિથી સામે પક્ષે કોઈ નુકસાન નથી. નુકસાન તો ખોટી કક્ષા નક્કી કરીને બેસનારને જ થતુ હોય છે.

માણસ પોતાનું દુઃખ તો આસાનીથી સહી લેતો હોય છે પણ બીજાની પ્રગતિ અને વાતનો સ્વીકાર કરી શકતો નથી. પોતાની કક્ષા જાતે જ નક્કી કરી બેઠેલો વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિની પ્રસંશા થાય તો જેમ પાણી વગર માછલી તરફડીયા મારે એમ મનોમન છટપટાઈને ગળે આવી જાય. એટલે જ તો કહેવાય છે દુશ્મનો સાથે લડવા માટે ભાલા, બંદુક, તલવાર કે મિસાઈલની જરૂર જ નથી. દુશ્મનના મિત્ર કે સાથીની પ્રશંસા કે સત્કાર કરો એટલે સફળતા ખેરાતમાં ખોળામા આવીને પડશે. બૌદ્ધ ગુરુ દલાઈ લામાએ સરસ વાત કરી છે કે બીજાના વ્યવહારની કે વાતની ઈર્ષ્યા કરી પોતાની શાંતિ ડહોળવા કરતા અન્યની વાતનો સ્વીકાર કરી પ્રશંસાના કરીને વાતાવરણમાં આનંદનો ગુલાલ કેમ ન ઉડાડીએ ?

એ વાત પણ એટલી જ સાચી છે કે, પ્રશંસાના બે શબ્દો તમારા માટે કદાચ મહત્ત્વના ન હોય કે તમારા જીવનમાં કદાચ કોઈ બદલાવ ન પણ લાવે પરંતુ અન્યને માટે તમારી પ્રશંસા બહુ મોટું બળ બની ઉભરી શકે છે. જીવનમાં જો કોઈ સૌથી મોટી ખુશી મળતી હોય તો સામેની વ્યક્તિની વાતના સ્વીકાર સાથે પ્રશંસાના બે શબ્દોથી એના મુખ ઉપર આવતા 'સ્મીત'ને જોવાની છે. આ સ્મીત ધરતીની બહાર ડોકું કાઢીને હસતી કુમળી કુંપળ જેવું નિર્મળ અને સ્વચ્છ હોય છે. આમ પણ માણસનો મુળતઃ સ્વભાવ સ્વીકારનો છે. ઈશ્વરે આપેલા હિમાલય જેવા પર્વતનુ સૌદર્ય, ગંગા અને નર્મદા જેવી નદીઓનુ રૂપ, હિન્દ મહાસાગર જેવા સમુદ્રોનો વૈભવ, ખળખળ વહેતા ઝરણાઓની મધુરપ, ઉડતા પંખીઓનો રંગીન નઝારો, જંગલમા વિહરતા પ્રાણીઓની મસ્તી વગેરે વગેરે અદભૂત સૌદર્યપૂર્ણ ખજાનાના સ્વીકાર માટે માણસ આદી અનાદી કાળથી મન, વચન કર્મથી તત્પર રહ્યો છે.

**ધબકાર**

બીજાની વાતનો સ્વીકાર અને સત્કાર એ વિશ્વની સૌથી સુંદર અને અણમોલ ભેટ છે.

